# પુના International School

## Shree Swaminarayan Gurukul, Zundal

| SUMMATIVE ASSESSMENT- I [2021 – 22] | | | | | |
|---|---|---|---|---|---|
| **Student's Name:** | | **Grade** | **VII** | **Roll No.** | |
| **Date:** | | **Subject** | **GUJARATI** | | |
| **Teacher's Sign.** | | | | **Total marks** | **80** |

## [ READING SECTION] વાંચનકાર્ય

**પ્રશ્ન 1 (અ) નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો.** **[ 10- MARKS]**

1) વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો 1 ) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?

2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?

3) કોનું જીવન નિરર્થક છે ?

4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**પ્રશ્ન 1 (બ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

**[ 10- MARKS]**

પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળી વીરા

પંથ તારો કાપ્યે જા.
કાંટા આવે, કંકર આવે, ધોમ ધખતી રેતી આવે,
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધરી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના,
શિસ્ત, શાંતિ ને સેવાનો તુ, પાઠ સૌને આપ્યે જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

પ્રશ્નો : 1) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે ?
2) ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું કહે છે ?
3) કવિ કોને અજવાળવાનું કહે છે ?
4) રસ્તે ચાલતા વચ્ચે શું આવે છે ?
5) કવિ સૌને શું આપવા કહે છે ?

## [WRITING SECTION ] લેખનકાર્ય

**પ્રશ્ન 2 (અ) નીચેના વિશે નિબંધ લખો. (કોઈ પણ એક)** **[ 10- MARKS]**

1) ચબૂતરો 2) નવરાત્રી

**પ્રશ્ન 2 (બ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.** **[ 10- MARKS]**

1) એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ –‘ વધારે વજન ઊંચકવું નહિ પડે,’ એવો દુકાનદારનો જવાબ- ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માગણી –‘પૈસા વધારે ગણવા નહિ પડે’ ગ્રાહકનો જવાબ - બોધ.

## [GRAMMAR SECTION] વ્યાકરણ

**પ્રશ્ન- 3 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **[ 5- MARKS]**

1) આંખ
2) વૃક્ષ

3) ફૂલ

4) પગ

5) જળ

**પ્રશ્ન – 4 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો. [ 5- MARKS]**

1) પહોળું

2) અંધારુ

3) સત્ય

4) સુંદર

5) સુખ

**પ્રશ્ન – 5 નીચેના શબ્દોની જોડણી સુધારો. [ 2- MARKS]**

1) નઉકાવિહાર

2) જિવાદોરિ

**પ્રશ્ન – 6 નીચેની ખાલી જગ્યા પૂરો. [ 2- MARKS]**

1) તમે ચા નથી ----------- તે ઘણું સારું. ( પિતા, પીતા)

2) કેમ તબિયત તો------------ છે ને? ( શારી, સારી )

**પ્રશ્ન – 7 નીચે આપેલા શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો [ 2- MARKS]**

1) નિશા, સરસ, ઉપવન, ગિરિવર, આભ, ભૂલ .

**પ્રશ્ન – 8 નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો. [ 4- MARKS]**

1) લોકોનું ભરણપોષણ કરનાર

2) સાંબેલા જેવી જાડી ધાર

3) નદી કે દરિયા વચ્ચે આવેલો જમીન ભાગ

4) ધનુષ્યનાં જેવું અર્ધગોળાકાર સપ્તરંગી દ્રશ્ય

## [ LITRATURE SECTION ] સાહિત્ય

**પ્રશ્ન – 9 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. [ 10- MARKS]**

1) કવિ કોને ભગવાનની આંખ ગણે છે?

2) હોડીને કોણ હંકારતુ હશે?

3) ચબુતરો કોના માટે બાંધવામાં આવ્યો હશે?

4) મોચી ભગત સ્વભાવે કેવા હતા?

5) આકાશમાં શું – શું સુંદર દેખાય છે?

6) ‘પરોઢ અને રાત સુંદર છે’. – કઈ પંક્તિમાં આ ભાવ વ્યક્ત થયો છે?

7) ગળે પડવાની ટેવ કઈ બીમારીને વધારે હોય છે?

8) નર્મદા નદી કયાં સરોવરમાંથી નીકળે છે?

9) નર્મદાનો શો અર્થ થાય છે?

10) રાધા કોના કરતા સુંદર છે?

**પ્રશ્ન – 10 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો. [ 10- MARKS]**

1) સાધુને ક્યારે નવાઈ લાગી ?

2) મોચીને ક્યારે દુ:ખ થયુ?

3) સજ્જનને સમજવામાં કંઈક ભૂલ કરી છે તેવુ લેખકને ક્યારે લાગ્યુ?

4) ‘ પંખીની પાંખે પ્રવાસ કરવો ‘ એટલે શું?

5) નર્મદાને ‘ રેવા ‘ શા માટે કહે છે?